# સામાજિક કાર્યકર

સામાજિક કાર્યકરો, લોકોને તેમના રોજિંદા જીવનની સમસ્યાઓની રોકથામ અને તેના ઉકેલમાં મદદરૂપ બને છે. તેઓ વિવિધ સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિના લોકો સાથે પરામર્શ કરે છે, તેમની સાથે મળીને કામ કરે છે અને લોકો માટે ફાયદાકારક યોજનાઓ અને કાર્યક્રમો તૈયાર કરે છે. સામાજિક કાર્યના ચાર ક્ષેત્રો છેઃ એ) તબીબી અને જાહેર આરોગ્ય કાર્યકરો બી) બાળક, કુટુંબ અને શાળા સામાજિક કાર્યકરો સી) માનસિક સ્વાસ્થ્ય અને નશીલા પદાર્થોનો દુરુપયોગની રોકથામ માટેના સામાજિક કાર્યકરો ડી) વહીવટ, આયોજન અને નીતિ ઘડતરમાં સામેલ અન્ય સામાજિક કાર્યકરો. સામાજિક કાર્યમાં કારકિર્દી એટલે સમાજમાં પરિવર્તન લાવવા માટે જીવનભર લોકોને મદદરૂપ થવાની પ્રતિબદ્ધતા.

## વ્યક્તિગત નિપુણતા

- તમે તમામ લોકો સાથે સહજ રીતે વાતચીત કરી શકો છો
- મિત્રો, સાથીદારો અને તમારી આસપાસના લોકોને મદદ કરવી તમને ગમે છે
- તમને સામાજિક સમસ્યાઓનું વિશ્લેષણ કરવાનું ગમે છે
- તમને વિવિધ સમુદાયો અને તેમની સંસ્કૃતિઓ વિશે શીખવામાં આનંદ આવે છે



આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૬,૦૦૦ થી ૨,૦૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. સામાજિક કાર્યમાં સ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

સામાજિક કાર્યમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા બાદ, સામાજિક કાર્યમાં અનુસ્નાતક (એમ.એસ.ડબલ્યુ)ની ડિગ્રી મેળવો.

**અથવા**

કોઈપણ વિષયમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા બાદ, સામાજિક કાર્યમાં અનુસ્નાતક (એમ.એસ.ડબલ્યુ)ની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ડેમોગ્રાફરનું અંદાજીત માસિક વેતન
રૂ. ૭૦,૦૦૦ થી ૧,૨૮,૦૦૦* જેટલું હોય છે.

સ્રોતઃ https://www.salaryexpert.com/salary/job/demographer/india

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સમુદાય વિકાસ સંસ્થાઓ, બાળ કલ્યાણ અને માનવ સેવા સંસ્થાઓ, માનસિક સ્વાસ્થ્ય સુવિધાઓ, હોસ્પિટલો, શાળાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ કામગીરીમાં વ્યાપક ક્ષેત્રીય કાર્ય તેમજ મુસાફરીનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે, તમે ઓફિસમાં કામ કરશો પણ તમે જે સામાજિક કાર્યમાં નિષ્ણાત છો તેના આધારે નિયમિતપણે ફિલ્ડમાં પણ કામ કરો છો.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

ઈન્ટર્ન → પ્રોજેક્ટ એસોસિયેટ → એડમિનિસ્ટ્રેટિવ મેનેજર **અથવા**

ઈન્ટર્ન → પ્રોજેક્ટ એસોસિયેટ → પોલિસી પ્લાનિંગ મેનેજર અથવા ઈન્ટર્ન → પ્રોજેક્ટ એસોસિયેટ → પ્રોજેક્ટ મેનેજર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ સામાજિક કાર્ય વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. જામિયા મિલિયા ઈસ્લામિયા, નવી દિલ્હી
૨. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા
૩. બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી
૪. કે.એસ.કે.વી.કે.યુ., કચ્છ
૫. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, અલીગઢ
૬. વિશ્વભારતી યુનિવર્સિટી, શાંતિનિકેતન
૭. એસ.પી.યુ., વલ્લભ વિદ્યાનગર
૮. એમ.કે.બી.યુ., ભાવનગર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. જી.એમ.આઈ.યુ., ભાવનગર
૨. ટાટા ઈન્સ્ટિટ્યુટ ઑફ સોશિયલ સાયન્સ, મુંબઈ
૩. એન.આઈ.એમ.એસ. યુનિવર્સિટી, જયપુર
૪. સી.એમ.આર. યુનિવર્સિટી, બેંગલુરૂ
૫. બનાસ્થલી વિદ્યાપીઠ, રાજસ્થાન
૬. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, કોલકાતા
૭. બોસ્કો ઈન્સ્ટિટ્યુટ, જોરહાટ
૮. એન.યુ.વી., વડોદરા

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

સોશિયલ વર્કર, સોશિયલ વર્કર ઈન્ટર્ન, કોમ્યુનિટી સોશિયલ વર્કર

## સાફલ્ય ગાથા

**પ્રીતિ પાટકર,** સ્વૈચ્છિક સંસ્થા પ્રેરણાના સહ-સ્થાપક અને કાર્યકારી સચિવ છે, જે પેઢી દર પેઢીની તસ્કરીને સમાપ્ત કરવા અને બાળકોના અધિકારોનું રક્ષણ કરવા માટે કામ કરે છે. પ્રીતિએ નિર્મલાનિકેતન, કોલેજ ઑફ સોશિયલ વર્કમાંથી સ્નાતક થયા છે. તેણીએ વર્ષ ૧૯૮૬માં ટાટા ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશિયલ સાયન્સમાંથી સામાજિક કાર્યમાં તેમના સ્પેશ્યલાઈઝેશનમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. તેણીએ વેશ્યાલય વિસ્તારમાં રહેતા બાળકોની સલામતી માટે 'નાઈટ કેર સેન્ટર' બનાવ્યું હતું જે વિશ્વમાં આ પ્રકારનું પહેલું કેન્દ્ર છે. વર્ષ ૧૯૮૯માં, તેમને અશોકા ફાઉન્ડેશન યુ.એસ.એ. તરફથી અશોકા ફેલોશિપ મળી. તેણી ભારતના રાષ્ટ્રપતિ દ્વારા સન્માનિત નારી શક્તિ પુરસ્કારના પ્રાપ્તકર્તા પણ છે. *

સ્રોત:https://forum.thenudge.org/speakers/priti-patkar

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.